# પ્રજા સમાચાર

Vapi 25 April, 2018

## વિશ્વવિખ્યાત સ્ટેનફોર્ડ યુનિવર્સિટી

# ગુજરાત સરકાર અને શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેરની સહિયારી નિયોનેટોલોજી કોન્ફરન્સ ધરમપુરમાં યોજાઈ

પ્રતિનિધિ ધરમપુર, તા. ૨૪ : સ્ટેનફોર્ડ યુનિવર્સિટીની ગણના વિશ્વની સર્વોત્તમ સંશોધક યુનિવર્સિટીમાંની એકમાં થાય છે. તબીબી સારવાર અને સંશોધનમાં તે અગ્રગણ્ય છે. આ યુનિવર્સિટીના નિયોનેટોલોજી વિભાગના નિષ્ણાંત ડોકટર્સ અને અન્ય સ્ટાફે હાલમાં જ




## ગુજરાત સરકાર અને શ્રીમદ્ રાજચંદ્ર.......................

ધરમપુરની મુલાકાત લીધી હતી. તેઓએ ૧૯મી એપ્રિલથી ૨૦મી એપ્રિલ સુધી શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલના નિઓનેટલ ઈન્ટેન્સીવ કેર યુનિટના સ્ટાફને વિશિષ્ટ તાલીમ આપી હતી.

દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લાના ધરમપુર તથા આસપાસના ગ્રામ્ય અંતરિયાળ વિસ્તારોમાં જરૂરિયાતમંદ લોકોની સારવાર અર્થે પૂજ્ય ગુરુદેવ રાકેશભાઈના માર્ગદર્શનથી પ્રેરિત અભિયાન શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેરની આરોગ્ય સેવા અંતર્ગત શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલની સ્થાપના કરવામાં આવી છે. શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ તેના કરુણાસભર અભિગમ દ્વારા રોગનિરોધથી લઈને રોગમુક્તિ સુધીની ગુણવત્તાભરી તબીબી સારવાર અસક્ષમ લોકોને પહોંચાડવા માટે સુખ્યાત છે. અહીં વર્ષે સવા લાખ દર્દીઓની સારવાર કરવામાં આવે છે. ગુજરાત સરકારે તેને વલસાડ જિલ્લાની ફર્સ્ટ રેફરલ યુનિટ તરીકે જાહેર કરી છે અને અહીંના ડિસ્ટ્રીક્ટ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટરને ગુજરાત સરકારે મોડેલ ડિસ્ટ્રીક્ટ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર તરીકે માન્યતા આપી છે. વળી તબીબી કટોકટીના સમયે અપાતી સારવાર અને જટિલ સર્જરીઓ બદલ શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલને આઈએસઓ ૯૦૦૧:૨૦૧૫ સર્ટીફિકેશન એનાયત કરવામાં આવ્યું છે.

આ ગ્રામિણ વિસ્તારમાં શિશુમૃત્યુનો મુદ્દો ખુબ ગંભીર છે. સુવાવડ માટે આવતી સ્ત્રીઓ નાની ઉંમરની ખુબ જ ઓછા વજન ધરાવતી અને કુપોષણથી પીડિત હોય છે. આથી પોષણના અભાવે શારીરિક અને માનસિક ખોડખાંપણ ધરાવતા શિશુજન્મ તેમજ શિશુમૃત્યુનો વિશેષ ભય હોય છે. શ્રીમદ્ રાજચંદ્ર નિઓનેટલ ઈન્ટેન્સીવ કેર યુનિટમાં વર્ષે લગભગ ૭૦૦ નવજાત શિશુઓની સારવાર થાય છે જેમાંથી ૨૦ ટકાથી વધુ અત્યંત ગંભીર હાલતમાં હોય છે. અહીંના નિષ્ઠાપૂર્ણ વિશેષજ્ઞ ડોકટરો ખુબ જ સફળતાપૂર્વક સારવાર કરી શિશુમૃત્યુના દરને નીચો લાવવામાં સફળ થયા છે અને આ દરને હજુ નીચે લાવવાના તેઓના સતત પ્રયત્નો રહે છે. સારવાર સેવાઓનો વ્યાપ અને ધોરણ ઉંચુ લાવવા હોસ્પિટલમાં સમયે સમયે અત્યાધુનિક મશીનો તેમજ વિવિધ તાલીમો યોજવામાં આવે છે. સ્ટેનફોર્ડ યુનિવર્સિટીના નિષ્ણાંત તથા અનુભવી ડોકટર્સ દ્વારા અપાયેલ આ અધ્યતન

તાલીમ તેઓને વધુ સક્ષમ અને અધ્યતન બનાવશે અને તેઓ શિશુઓની વધુ કુશળતાથી સારવાર કરી શકાય. આ જ ઉદ્દેશ્યમાં આગળ વધતા શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુરમાં ૨૩મી અને ૨૪મી એપ્રિલે એક રાજયકક્ષાની નિયોનેટલ કોન્ફરન્સ યોજવામાં આવી હતી જેમાં સ્ટેનફોર્ડ યુનિવર્સિટી અને લ્યુસિલ પેકાર્ડ ચિલ્ડ્રન્સ હોસ્પિટલ. ગુજરાત સરકારના જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ખાસ કરીને સરકારી નિઓનેટલ ઈન્ટેન્સીવ કેર યુનિટ સંભાળતા અને શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલના ડોક્ટરો તથા અન્ય સ્ટાફે ભાગ લીધો હતો. પ્રસ્તુત કોન્ફરન્સમાં મંચ પર બિરાજમાન મહાનુભાવોમાં મુખ્ય હતા. ડો. નિર્મલા રાઘવન (બાળરોગ વિજ્ઞાનના પ્રોફેસર, સ્ટેનફોર્ડ યુનિવર્સિટી) ડો.મેથ્યુ સ્ટેહલો (પ્રોફેસર, ઈમરજન્સી મેડિસીન ડિપા.અને ડિરેક્ટર ઈ.એમ. ઈન્ટરનેશનલ, સ્ટેનફોર્ડ યુનિવર્સિટી ) ડો.જયંતિ રાવી (હેલ્થ કમિશ્નર, ગાંધીનગર), ડો.અરૂણ સિંઘ (ભારત સરકારના રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમના સલાહકાર) , ડો.એન.બી.ધોળકિયા (ડીપાર્ટમેન્ટ ઓફ હેલ્થ, ગાંધીનગર),આ કોન્ફરન્સનો મુખ્ય મુદ્દો હતો. રાજયમાં શિશુમૃત્યુના પ્રમાણને ઘટાડવા અને શિશુઓ તથા માતાઓના સ્વાસ્થ્ય સુધાર અર્થે ઠોસ નીતિઓ ઘડી કાઢવી અને તેના અમલીકરણ માટે જરૂરી પગલાં લેવા આ અંગેના પ્રશ્નો રજુ કરાયા હતા અને તેના ઉપાયો માટે નિષ્ણાંતોના મત લેવાયા હતા. ખુબ વિસ્તારથી શશુઓના શ્વાસનળી, કમળો, જટિલ સર્જરીઓ વગેરે અંગે વિચારવિમર્સ કરવામાં આવ્યો હતો. રાજ્ય માટે અત્યંત મહત્વપૂર્ણ એવી આ કોન્ફરન્સમાં શિશુમૃત્યુની સમસ્યા નિવારણમાં શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલ પહેલ કરી અગત્યનો ભાગ ભજવી શકશે એવું મંતવ્ય પણ રજુ કરવામાં આવ્યું હતું. આવી આધુનિક સ્વાસ્થ્યસંભાળ સુવિધાની માંગ આ વિસ્તારમાં એટલી વધારે છે કે બધા જરૂરિયાતમંદ લોકોને સારવાર આપી શકાતી નથી. હાલની બેડની સંખ્યા કરતાં ૧૩૦-૧૪૦ ટકા દર્દીઓને સમાવવામાં આવે છે. આથી નૂતન શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલના સંકુલનું નિર્માણકાર્ય હાથ ધરવામાં આવ્યું છે જેમાં દર વર્ષે ૯૫૦૦૦ દર્દીઓનો હોસ્પિટલ સંકુલની અંદર અને ૧,૫૦,૦૦૦ લોકોનો આઉટરીચ પ્રોગ્રામ દ્વારા નિ:શુલ્ક અથવા મામુલી દરે ઈલાજ થઈ શકશે. પ્રથમ તબક્કામાં ૨૫૦ પલંગની ક્ષમતા તથા મલ્ટિ-સ્પેશિઅલ્ટી સુવિધાઓ શરૂ કરવામાં આવશે અને દ્વિતીય તબક્કામાં ૧૦૦ પલંગનો ઉમેરો તથા મેડિકલ કોલેજ શરૂ કરવામાં આવશે. આટલા મોટા પાયા પર આ સારવાર સુવિધાઓ આપવાનો હેતુ આ વિસ્તારના દર્દીઓને ઉત્તમ સારવાર આપી રોગમુક્ત બનાવવાનો છે.